*વિના મૂલ્યે*

અરજી પત્રક નં.


# ગુજરાત માટીકામ કલાકારી અને ગ્રામ ટેકનોલોજી સંસ્થાન

ઘ–૪ પાસે, સેકટર–૧૨, ગાંધીનગર–૩૮૨૦૧૬

ફોનઃ ૨૩૨૨૩૪૪૯, ૨૩૨૨૧૫૯૮


## જૂથમાં માટીકામ કરતાં કારીગરો માટે ૧૦૦ ટકા સબસીડીના ધોરણે વિનામૂલ્યે સુધારેલી ભઠ્ઠીની સહાય મેળવવા માટેનું અરજી પત્રક :

**ફોર્મ ભાગઃ ૧ કારીગરોની પ્રાથમિક વિગતો :**

| ક્રમ | કારીગરનું નામ | સરનામું | ઉંમર વર્ષ | ઘરના સભ્યોની સંખ્યા | કેટલા સમયથી માટીકામ કરો છો? | સંપર્ક નંબર | પાસપોર્ટ સાઈઝનો ફોટો |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | | | | | *અહી તાજેતરનો પાસપોર્ટ સાઇઝનો ફોટો ચોટાડવો* |
| ૨ | | | | | | | *અહી તાજેતરનો પાસપોર્ટ સાઇઝનો ફોટો ચોટાડવો* |
| ૩ | | | | | | | *અહી તાજેતરનો પાસપોર્ટ સાઇઝનો ફોટો ચોટાડવો* |
| ૪ | | | | | | | *અહી તાજેતરનો પાસપોર્ટ સાઇઝનો ફોટો ચોટાડવો* |
| ૫ | | | | | | | *અહી તાજેતરનો પાસપોર્ટ સાઇઝનો ફોટો ચોટાડવો* |

## ફોર્મ ભાગઃ ૨ કામગીરીની વિગતો :

### ૨.૧. માટીના આર્ટીકલ્સ ઉત્પાદનની વિગતો :

| ક્રમ | કારીગરનું નામ | ઉત્પાદનની વિગતો | | | |
|---|---|---|---|---|---|
| | | મુખ્ય આર્ટીકલ્સનું નામ | અંદાજિત માસિક ઉત્પાદન નંગમાં | અંદાજિત માસિક વેચાણ નંગમાં | અંદાજિત માસિક આવક |
| ૧ | | | | | |
| ૨ | | | | | |
| ૩ | | | | | |
| ૪ | | | | | |
| ૫ | | | | | |

### ૨.૨. હાલની ભઠ્ઠીની વિગત

| ક્રમ | કારીગરનું નામ | એક ભઠ્ઠીમાં કેટલા આર્ટીકલ પકવો છો? | | બળતણની વિગત | એક માસમાં કેટલી ભઠ્ઠી લો છો? |
|---|---|---|---|---|---|
| | | ખુલ્લો નિભાડો | બાંધકામ કરેલ | | |
| ૧ | | | | | |
| ૨ | | | | | |
| ૩ | | | | | |
| ૪ | | | | | |
| ૫ | | | | | |

### ૩. શરતો અને બોલીઓઃ

(૧) આ યોજના અન્વયે સંસ્થાની સહાય ૧૦૦ % રહશે..

(૨) અરજદાર માટીકામ વ્યવસાય સાથે પ્રત્યક્ષ રીતે સંકળાયેલા તથા હાલમાં માટીકામની પ્રવૃતિ કરતો હોવો જોઇએ.

(૩) અરજદારની ઉમર ૧૮ વર્ષ થી ૫૦ વર્ષ સુધીની હોવી જોઇએ.

(૪) સદર યોજના અન્વયે લાભ લેવા માટે અરજદારોએ ઓછામાં ઓછા ૪ કારીગરોના જુથમાં અરજી કરવાની રહશે. વ્યકતિગત અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહી.

(૫) સંસ્થાના નિતિ નિયમો તથા ભઠ્ઠી બાંધકામ અંગેના તમામ ધારા ધોરણો બંધનકર્તા રહેશે. સંસ્થાના નિયામક જે બોલીઓ અને શરતો નકકી કરે તેનું પાલન કરવાનું બંધનકર્તા રહેશે.

(૬) અરજદારો ની કુંભારીકામ/ માટીકામ વ્યવસાય માટે પોતાની અથવા ઓછામાં ઓછા ૫ વર્ષ માટે ભાડા પટ્ટાની ની ઓછામાં ઓછી ૮૦૦ થી ૧૦૦૦ ચોરસ ફુટ જગ્યા હોવી જોઇએ.

(૭) અરજદારોએ ઉર્જા બચાવતી ભઠ્ઠીનો ઉપયોગ ફકત કુંભારીકામ/ માટીકામ વ્યવસાયે જ કરવાનો રહશે અને જો તેના દુરૂઉપયોગ જણાશે તો સંસ્થા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

(૮) અરજદારો એક સાથે ઓછામાં ઓછા ૪ કારીગરના જૂથમાં,સદર ઉર્જાબચાવતી ભઠ્ઠીનો ઉપયોગ કરશે તેવુ રૂા૧૦૦ ના સ્ટેમ્પ પેપર ઉપર નોટરાઇઝ બાહેધરી આપવાની રહેશે.

(૯) અરજીની અધુરી વિગતો ધ્યાને લેવામાં આવશે નહિ તેથી તમામ વિગતો અને જરૂરી દસ્તાવેજો સાથેનું અરજીપત્રક મોકલવાનુ રહેશે.

(૧૦) સદર સહાય રોકડમાં ચૂકવવમાં આવશે નહી. ફકત ઉર્જાબચાવતી ભઠ્ઠી ના સ્વરૂપે જ આપવામાં આવશે.

(૧૧) અરજદારોએ રજુ કરેલ નકલના અસલ દસ્તાવેજો સંસ્થા માંગે ત્યારે ચકાસણી અર્થે રજુ કરવા પડશે.

(૧૨) અરજદારોએ સર્વ સમંતીથી આપેલ બાંહેધરી પત્ર મુજબ્ ઉર્જા બચાવતી ભઠ્ઠી નો ઉપયોગ ફરજીયાત કરવાનો રહેશે.

(૧૩) અરજદારોએ ઉર્જાબચાવતી ભઠ્ઠી બાંધવા માટે જે જમીનપર ભઠ્ઠી બાધંવા માંગતા હોય તે જમીનની માલીકી અંગેના જરૂરી દસ્તાવેજો અરજી સાથે રજુ કરવાનો રહશે.

(૧૪) શરતો અંગે જો કોઇ ગેરસમજ થાય તો સંસ્થા ના નિયામકશ્રીનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે.

(૧૫) અરજદારોએ ઉર્જાબચાવતી ભઠ્ઠી જે જગ્યાએ બાંધવાની છે તે જગ્યાએ ગ્રામ/ નગરપાલિકા કે અન્ય વ્યકતિને વાંધો નથી તેવુ પ્રમાણપત્ર અરજદારએ સંબધિત નગર પાલિકા / ગ્રામ પંચાયત પાસેથી મેળવી રજુ કરવાનો રહેશે.

(૧૬) આ યોજના ફકત ગુજરાત રાજય કુંભારીકામ/ માટીકામ વ્યવસાય સાથે સંકળાયેલ કારીગરો માટેની જ છે.

(૧૭) ઉર્જા બચાવતી ભઠ્ઠી તૈયાર થયા બાદ ઉપભોકતાઓએ ઉત્પાદન અંગેનો રિપોર્ટ દર ત્રણ માસ કરવાનો રહેશે.

ઉપરોકત મુજબની ક્રમાક (૧) થી (૧૭) ની શરતો અને બોલીઓ વાંચી છે અને તે અમોને કબુલ મંજુર છે.

| ક્રમ | અરજદારનું નામ | સહિ અથવા ડાબા હાથના અંગુઠાનું નિશાન |
|---|---|---|
| ૧ | | |
| ૨ | | |
| ૩ | | |
| ૪ | | |
| ૫ | | |

## ૪. અરજાદારોએ અરજી ફાર્મ સાથે રજુ કરવાના આધાર પૂરાવા ની વિગત

(૧). અરજદારોના રેશનકાર્ડની સ્વપ્રમાણિત નકલ

(૨). અરજદારોના ઉમર પુરાવા અંગેના પ્રમાણ પત્ર

(૩). ઉર્જા બચાવતી ભઠ્ઠી બાંધવામાટે જગ્યાની માલીકી અંગેના અથવા ભાડા પટ્ટાના દસ્તાવેજ પૂરાવા

(૪). અરજદારો ઓછામાં ઓછા ૪ કારીગરના જુથમાં,સદર ઉર્જાબચાવતી ભઠ્ઠીનો ઉપયોગ કરશે તેવુ મતલબનુ નોટરાઇઝ કરેલ રૂા ૧૦૦/– સ્ટેમ્પ પેપર ઉપર બાંહેધરી પત્ર

(૫). હાલમાં કુંભારીકામ/ માટીકામ વ્યવસાય કરે છે તે અંગેનુ સક્ષમ અધિકારીશ્રીનુ પ્રમાણ પત્ર ( તલાટી/મામલતદાર/ તાલુકા વિકાસ અધિકારી/ જિલ્લા વિકાસ અધિકારી/ ચીફ ઓફીસર/જનરલ મેનેજર જિલ્લા ઉધોગ કેન્દ્ર )

(૬). કારીગર કાર્ડ હોય તો તેની નકલ

(૭). કુંભારીકામ/ માટીકામ ની કોઇ તાલીમ લીધેલ હોય તેના પ્રમાણ પત્રની નકલ

(૮). અન્ય કોઇ કુંભારીકામ/ માટીકામ સંબધિત એવોર્ડ મળેલ હોય તેના પ્રમાણ પત્રની નકલ

(૯) સબંધિત અધિકારીશ્રી/સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાના ના વાંધા પ્રમાણ પત્ર

(૧૦) પાસ પોર્ટ સાઇઝના ફોટોગ્રાફસ

***

રૂા. ૧૦૦/– ના સ્ટેમ્પ પેપર ઉપર નોટીરાઈઝડ

## બાંહેધરી પત્રક :

લખાવી લેનાર : નિયામક
ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાન,
ઘ–૪ પાસે, સેકટર–૧૨, ગાંધીનગર–૩૮૨૦૧૬.

લખી આપનાર :
(૧) નામ : –––––––––––––– ઉંમર વર્ષ : –––––– ધંધો :––––––––
(૨) નામ : –––––––––––––– ઉંમર વર્ષ : –––––– ધંધો :––––––––
(૩) નામ : –––––––––––––– ઉંમર વર્ષ : –––––– ધંધો :––––––––
(૪) નામ : –––––––––––––– ઉંમર વર્ષ : –––––– ધંધો :––––––––

તમામ રહીશ : મુ. –––––––––––તાલુકો : જિલ્લો : ––––––––આજ રોજ નીચે મુજબ બાંહેધરી લખી આપીએ છીએ કે :

(૧) અમો અરજદારોને ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાન, ગાંધીનગર અમારા માટીકામના વ્યવસાય માટે નવી સંશોધિત કરેલ નવીનતમ ટેકનોલોજીની ઉર્જા બચાવતી ભઠ્ઠીની જાણકારી મળેલ છે. સદરહું ભઠ્ઠી અમારા વ્યવસાગમાં ઉપયોગી જણાય છે.જેથી અમોએ અમોએ સંસ્થાનની સદરહું યોજનામાં બાંધી આપવામાં આવનાર ભઠ્ઠીનો લાભ અમોને મળે તે સ્વેચ્છાએ નકકી કરીને લખાવી લેનાર સંસ્થાને નિયત કરેલ નમુનામાં અરજી કરેલ છે.

(૨) અમો અરજદારો માટીકામ સાથેના ધંધામાં પરંપારગત/ –––વર્ષથી સંકળાયેલા છીએ અને માટીકામની પ્રવૃતિ કરી રહયા છીએ.

(૩) અમો અરજદારો સદરહું .ર્જા બચાવતી ભઠ્ઠીનો ઉપયોગ ફકત માટીકામના વ્યવસાય માટે જ કરીશું અને તેનો દુરુપયોગ જણાશે તો સંસ્થાન કાયદેસરની કાર્યવાહી કરી શકશે.

(૪) અમો અરજદારોએ ઉર્જા બચાવતી ભઠ્ઠીની રજુ કરેલ અરજીમાં દર્શાવેલ પ્રમાણપત્રો/દસ્તાવેજો સંસ્થા માંગે ત્યારે ચકાસણી અર્થે રજુ કરીશુ.

(૫) અમો અરજદારો ઉર્જા બચાવતી ભઠ્ઠીનો ઉપયોગ ઓછામાં ઓછા ૪ (ચાર) વ્યકિતના જુથમાં કરીશું અને વધુમાં વધુ લોકોને સદરહું ભઠ્ઠીની માહિતી અને જાણકારી આપીને પ્રચાર અને પ્રસાર કરીશુ.

(૬) અમો અરજદારો ફકત ગુજરાત રાજયના રહેવાસીઓ છીએ અને કુંભારીકામ/ માટીકામ સાથે સંકળાયેલા છીએ.

(૭) ઉર્જા બચાવતી ભઠ્ઠી તૈયાર થયા બાદ અમો અરજદારો ઉત્પાદન અંગેનો રીપોર્ટ/ અહેવાલ દર ઘ ( ત્રણ ) માસે લખાવી લેનાર સંસ્થાનને કરીશું.

(૮) શરતો અંગે જો કોઈ ગેરસમજ થાય તો સંસ્થાનના નિયામકશ્રીનો નિર્ણય આખરી અને અમોને બંધનકર્તા રહેશે .

(૯) અમો અરજદારોએ આ બાંહેધરી પત્રક સર્વ સંમતિથી, કોઈપણ જાતની ધાકધમકી વગર, બિનકેફે હાલતમાં લખી આપેલ છે.
ઉપરની શરતો અને બોલીઓ વાંચી છે જે અમોને કબુલ મંજુર છે.

લખી આપવાર અરજદારો :

| | |
|---|---|
| ૧ | ૨ |
| ૩ | ૪ |

## ના વાંધા પ્રમાણપત્ર :

( ગ્રામ પંચાયત, નગરપાલિકા, મહાનગરપાલિકાલ કે અન્ય સ્વરાજયની સંસ્થાનું )

આથી અમો લખી આપીએ છીએ મોજે વિસ્તાર/સ્થળ/ગામ/------ તા. --- જિ.---ના
રહીશ નામે : (૧) ------------------
(૨) ------------------
(૩) ------------------
(૪) ------------------ અરજદારો

રહીશ : વિસ્તાર/સ્થળ ------મુકામ : ------તાલુકો ------જિ. ------------ના રહેવાસી છે. તેઓને અમો ઓળખીએ છીએ. અરજદારો પરંપરાગત/---વર્ષથી માટીકામ સાથેના વ્યવસાયમાં સંકળાયેલા છે. અમારી જાણમાં છે કે અરજદારોએ ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાન, ગાંધીનગર દવારા નવ સંશોધિત કરેલ ઉર્જા બચાવતી ભઠ્ઠી બાંધકામ અને ઈન્સ્ટોલેશન માટે અરજી કરેલ છે. સદરહું કારીગરોને ૧૦૦ ટકા સબસીડીના ધોરણે સદરહું યોજનાનો લાભ મળે તે માટે આપની સંસ્થા દવારા ભઠ્ઠી બાંધકામ કરી આપવામાં આવશે તેમાં અમોને કોઈપણ પ્રકારનો વાંધો નથી. જેથી યોજનાનો લાભ આપવા વિનંતિ છે.

સ્થળ : ----------- સહિ : --- -----------
તારીખ : ------------ હોદ્દો : --------------

મુસદ્દો :

## માટીકામ કરે છે તે સબબનું અને ના વાંધા પ્રમાણપત્ર :

( તલાટીશ્રી, મામલતદારશ્રી, તાલુકા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા વિકાસ અધિકારીશ્રી, ચીફ ઓફીસર, જિલ્લા ઉધોગ કેન્દ્ર)

આથી અમો લખી આપીએ છીએ કે નીચે દર્શાવેલ નામવાળા અરજદારશ્રીઓ રહીશ : વિસ્તાર/સ્થળ ––––––મુકામ : ––––––તાલુકો ––––––જિ. –––––––––––––ના રહેવાસી છે. તેઓને અમો ઓળખીએ છીએ. તેઓ પરંપરાગતરીતે/ ––– વર્ષથી માટીકામ સાથેના વ્યવસાયમાં સંકળાયેલા છે. જે અમારી જાણમાં છે. અરજદારોએ ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાન, ગાંધીનગર દવારા નવ સંશોધિત કરેલ ઉર્જા બચાવતી ભઠ્ઠી બાંધકામ અને ઈન્સ્ટોલેશન માટે અરજી કરેલ છે. સદરહું કારીગરોને ૧૦૦ ટકા સબસીડીના ધોરણે સદરહું યોજનાનો લાભ મળે તે માટે આપની સંસ્થા દવારા ભઠ્ઠી બાંધકામ કરી આપવામાં આવશે તેમાં અમોને કોઈપણ પ્રકારનો વાંધો નથી. જેથી યોજનાનો લાભ આપવા વિનંતિ છે.

સ્થળ : –––––––––––  સહિ : ––– –––––––––––

તારીખ : ––––––––––––  હોદ્દો : ––––––––––––––

(૧) ––––––––––––––––––––––

(૨) –––––––––––––––––––––––

(૩) –––––––––––––––––––––––

(૪) –––––––––––––––––––––––